# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 21-04-2024 Evening : 7.50 to 8.00
Day : Sunday National News

## આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

************************************************

- લોકસભા સામાન્ય ચૂંટણીના આગામી તબક્કાઓ માટે ચૂંટણી પ્રચાર વેગવાન બન્યો
- લોકસભાની ત્રીજા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારી પાછી ખેંચી લેવા માટે આવતીકાલે છેલ્લો દિવસ છે
- મહાવીર જયંતિની આજે ઉત્સાહ સાથે પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી રહી છે.
- નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ UGC NET જૂન, 2024 માટે નામ નોંધવાની પ્રક્રિયા આજથી શરૂ કરી દીધી છે.
- દક્ષિણ કોરિયામાં વિશ્વ એશિયા ઓશનિયા ઓલિમ્પિક અને પેરા ઓલિમ્પિક પાત્રતા માટેની સ્પર્ધામાં નૌકાયનમાં બલરાજ પંવારે ત્રીજું સ્થાન મેળવ્યું

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CHIDAMBARAM.rtf

લોકસભા સામાન્ય ચૂંટણીના આગામી તબક્કાઓ માટે ચૂંટણી પ્રચાર વેગવાન બન્યો છે તમામ રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ અને સ્ટાર પ્રચારકો મતદારોને રીઝવવા દેશભરમાં અનેક રેલીઓ યોજી રહ્યા છે. બીજા તબક્કાના પ્રચાર માટે માત્ર ચાર દિવસ બાકી છે ત્યારે નેતાઓ મતદારો ને રિજવવા એડી ચોંટીનું જોર લગાવી રહ્યા છે.

આ તબક્કામાં કેરળમાં લોકસભાની તમામ 20 બેઠકો, કર્ણાટકની 28માંથી 14, રાજસ્થાનની બાકીની 13 બેઠકો, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં આઠ-આઠ બેઠકો, મધ્યપ્રદેશની સાત બેઠકો, મધ્યપ્રદેશમાં પાંચ-પાંચ બેઠકો આસામ અને બિહાર, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં ત્રણ-ત્રણ અને ત્રિપુરા અને જમ્મુ અનેકાશ્મીરમાં એક-એક બેઠક મતદાન થશે.

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ ગઈકાલે મહારાષ્ટ્રના નાંદેડ અને પરભણી અને કર્ણાટકના ચિક્કાબલ્લાપુર અને બેંગલુરુમાં ચૂંટણી રેલીઓને સંબોધી હતી ઉત્તર પ્રદેશના મથુરામાં જનસભાને સંબોધતા ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે કહ્યું કે, આ વખતે ઉત્તર પ્રદેશની જનતા તમામ 80 બેઠકો પર ભાજપને વિજયી બનાવશે.

કોંગ્રેસ, મહાસચિવ પ્રિયંકા ગાંધીએ એરિયડ ખાતે એક સભાને સંબોધિત કરી હતી તથા પથનમથિટ્ટામાં જાહેર સભામાં પણ ભાગ લીધો હતો. અમરોહામાં એક રેલીમાં બોલતા કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું કે જો I.N.D.I a . ગઠબંધન સરકાર બનશે તો ખેડૂતોની લોન માફ થશે.

ભૂતપૂર્વ કેન્દ્રિયમંત્રી અને કોંગ્રેસના નેતા પી. ચિદમ્બરમે કહ્યું છે કે, જો ઇન્ડી ગઠબંધન કેન્દ્રમાં સત્તા પર આવશે તો સુપ્રિમકોર્ટે, જામીન પર છોડવાનો મહત્વનો ગણાવીને જેલમાં પૂરવાને અપવાદ રૂપ લેખતા નિયમને વિશેષ કાનૂન બનાવશે.

આજે તિરૂવનન્તપુરમમાં પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે, 65 ટકા કેદીઓ પરનો કેસ ચાલે છે તે લોકો દોષી ઠરાવાયા નથી તેથી પોલીસ કે સીબીઆઈને સોંપવામાં આવ્યા બાદ પહેલાં 15 દિવસ પછી તેમને જામીન આપવા જોઈએ.

તેમણે કહ્યું કે, ઇન્ડિ ગઠબંધન નાગરિકતા સુધારણા કાનૂન – CAA અને બીજેપી સરકારે અમલમાં મૂકેલા ત્રણ ફોજદારી કાનૂન રદ કરશે. તેમણે ઉમેર્યું કે, અન્ય 25 કાયદાઓમાં સુધારા કરવામાં આવશે અને તેમને બંધારણ મુજબ સુધારવામાં આવશે.

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા ગઈકાલે ઉમેદવારીપત્રો ની  ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ત્રીજા તબક્કામાં10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 સંસદીય બેઠકો માટે આગામી મહિનાની 7મી તારીખે મતદાન થશે. આવતીકાલે ઉમેદવારી પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે. ગુજરાતમાં લોકસભા સાથે પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે પણ ઉમેદવારી ફોર્મની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

.......3.......

દરમિયાન, લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ તબક્કામાં, 96 સંસદીય બેઠકો નવ રાજ્યોમાં ફેલાયેલી છે અને જમ્મુ અને કાશ્મીરના યુટીમાં 13મી મેના રોજ મતદાન થશે. આ તબક્કા માટે આ મહિનાની 25મી તારીખ સુધી ઉમેદવારી દાખલ કરી શકાશે.

# PM-RALLY-BANSWARA.rtf

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશમાં સ્થિર અને મજબૂત સરકારની જરૂર દર્શાવી છે. આજે રાજસ્થાનના વાંસબાડામાં ચૂંટણી પ્રસારસભાને સંબોધતા તેમણે કહ્યું કે, દેશની ભાવિ જરૂરિયાતોને ધ્યાનમાં લઈને પાયાની માળખાકીય સવલતો વિકસાવી શકે તેવી સરકારની દેશને જરૂર છે. તેમણે કહ્યું કે, સરકાર યુવાનોનાં સપનાંને સમજીને તે મુજબ નીતિ ઘડે, મહિલાઓ, ખેડૂતો, ગરીબો, વંચિતો, આદિવાસી અને પછાત વર્ગના લોકોની સંભાળ રાખી શકે તેવી હોવી જોઈએ.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છેલ્લાં દસ વર્ષ દરમિયાન તેમની સરકારે લોકો માટે વીજળી, પાણી, રસ્તો, પાક્કા મકાનો, નળ દ્વારા પીવાનું પાણી વગેરે સગવડો આપી તેનો ઉલ્લેખ કર્યો. નરેન્દ્ર મોદીએ સૌર ઊર્જા દ્વારા વીજ ઉત્પાદનને મહત્વ આપવાનો આગ્રહ કર્યો તેમણે લોકસભાની આગામી ચૂંટણી તેમજ બાગીદૌરા વિધાનસભાની પેચાટૂંચણીમાં પુષ્કળ મત આપવાનો મતદારોને અનુરોધ કર્યો.

# MAMATA---BALURGHAT-CAMPAIGN.rtf

તૃણમુળ કોંગ્રેસના અધ્યક્ષા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આજે બેલૂરઘાટમાં પોતાના પક્ષના લોકસભાની ચૂંટણીના માટે ઉમેદવાર બિપ્લવ મિત્રાને સમર્થન આપવા એક ચૂંટણીસભાને સંબોધન કર્યું.

મમતા બેનર્જીએ કહ્યું કે, કેન્દ્ર સરકાર અનુસુચિત જાતિ, જનજાતિ તેમજ લઘુમતી સમુદાયના લોકોની તેમજ સામાન્ય જનતાની ઉપેક્ષા કરી રહી છે..

# ELECTION 3RD PHASE

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા શુક્રવારે સમાપ્ત થઈ. ગઈકાલે ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ત્રીજા તબક્કામાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 લોકસભાની બેઠકો માટે આગામી મહિનાની 7મી તારીખે મતદાન યોજાશે. આવતીકાલે ઉમેદવારી પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે.

ગુજરાતમાં પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે પણ ઉમેદવારી ફોર્મની ચકાસણી ગઇકાલે હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન, લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ તબક્કામાં જમ્મુ અને કાશ્મીર સહિતના નવ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આવેલી 96 લોકસભા બેઠકો માટે આગામી 13મી મેના રોજ મતદાન થશે. આ તબક્કા માટે આ મહિનાની 25મી તારીખ સુધી ઉમેદવારીપત્ર ભરી શકાશે..

# GC _NET

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન નેશનલ એલિજીબ્લિટી ટેસ્ટ એટલે કે UGC NET જૂન, 2024 માટે નામ નોંધવાની પ્રક્રિયા આજથી શરૂ કરી દીધી છે. પરીક્ષા આપવા ઇચ્છતા વિદ્યાર્થીઓ નેટની પરીક્ષા માટે સત્તાવાર વેબસાઇટ પર જઈને પોતાનાં નામ નોંધાવી શકે છે.

આગામી 10 મે સુધી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ચાલશે.ઑનલાઇન માધ્યમથી પરીક્ષાફી જમા કરાવવાની છેલ્લી તારીખ 11થી 12 મે સુધીની છે. ફોર્મની ચકાસણી 12 મેથી 15 મે વચ્ચે કરી શકાશે. યૂજીસીની જાહેરાત પ્રમાણે, ‘જૂનિયર રિસર્ચ ફેલોશીપ’ લેવા અને ‘સહાયક પ્રોફેસર’ તરીકેની નિયુક્તિ, તેમજ 83 વિષયોમાં પી.એચડીમાં પ્રવેશ માટેની પરીક્ષા 16 જૂનના રોજ લેવાશે. યૂજીસીએ કહ્યું પ્રત્યેક ઉમેદવાર માત્ર એક જ ફોર્મ ભરી શકશે. છે કે એકથી વધુ ઉમેદવારી પત્ર ભરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# Mahavir Jayanthi

મહાવીર જયંતિની આજે ઉત્સાહ સાથે પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી રહી છે. આ અવસરે વિવિધ સ્થળે  ભગવાન મહાવીરની શોભાયાત્રા યોજાઇ રહી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાવીર જયંતિ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે. આજના શુભ દિવસે રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં નાગરિકોને ભગવાન મહાવીરના ઉપદેશોને અપનાવવા અને તમામ જીવોનાં કલ્યાણ માટે પ્રતિજ્ઞા લેવા વિનંતી કરી છે.

શ્રીમુર્મુએ જણાવ્યું હતું કે સંયમ, નૈતિકતા, અહિંસા અને અપ્રાપ્યના ભગવાન મહાવીરના ઉપદેશો આજે પણ પ્રાસંગિક છે. ઉપરાષ્ટ્રપતિનાં જણાવ્યા અનુસાર ભગવાન મહાવીરે આપણને શાંતિપૂર્ણ, સંવાદી અને સમૃદ્ધ સમાજનું નિર્માણ કરવાનો માર્ગ ચીંધ્યો છે. શ્રી ધનખડે નાગરિકોને ભગવાન મહાવીરના આદર્શો પ્રત્યે પ્રતિબદ્ધ થવા વિનંતી કરી છે....

# PREZ-PADMA-AWARDS.rtf

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે સી.આઈ.સી. હોલમાં પદ્મ પારિતોષિકો એનાયત કરશે. તેઓ આવતીકાલે ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વૈકેંયા નાયડુ અને ભરત નાટ્યમ નૃત્યાંગના ડોક્ટર પદ્મા સુબ્રમણ્યમને પદ્મ વિભૂષણ પારિતોષિક એનાયત કરશે. બિન્દેશ્વર પાઠકને પદ્મ વિભૂષણ પારિતોષિક મરણોપરાંત એનાયત કરાશે. તે ઉપરાંત અભિનેતા મિથુન ચક્રવતી અને ગાયિકા ઉષા ઉથુપને પદ્મ ભૂષણ પારિતોષિક અપાશે.

# Rowing-Olympic-Quota.rtf

દક્ષિણ કોરિયામાં વિશ્વ એશિયા ઓશનિયા ઓલિમ્પિક અને પેરા ઓલિમ્પિક પાત્રતા માટેની સ્પર્ધામાં નૌકાયનમાં બલરાજ પંવારે ત્રીજું સ્થાન મેળવ્યું છે અને એ સાથે પેરિસ ઓલિમ્પિક માટે ભારતે પાત્રતા મેળવી છે.

બલરાજ પંવાર, ભારતીય લશ્કરમાં જવાન છે તેમણે બે હજાર મીટરની રેસ સાત મિનિટ અને એક પોઇન્ટ બે સાત સેકન્ડમાં પૂરી કરી.

# BJP _ MP

ઉત્તર પ્રદેશમાં લોકસભા ચૂંટણી માટે ભાજપના ઉમેદવાર સુરેશસિંહનું દિલ્હીની એઇમ્સ હૉસ્પિટલમાં નિધન થયું હતું. તેઓ લાંબા સમયથી બીમાર હતા.19 એપ્રિલના રોજ પહેલા તબક્કામાં ઉત્તર પ્રદેશની મુરાદાબાદ બેઠક પર મતદાન થયું હતું,

# CONGRESS--CEC.rtf

લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને કોંગ્રેસ કેન્દ્રિય ચૂંટણી સમિતિની બેઠક આજે નવીદિલ્હીમાં કોંગ્રેસના પક્ષના મુખ્ય મથકમાં યોજાઈ ગઈ. આ બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષા સોનિયા ગાંધી, અને અન્ય વરિષ્ઠ નેતાઓએ ભાગ લીધો.

આ દરમિયાન પંજાબના કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતાઓએ પણ આ બેઠકમાં ભાગ લીધો.

# DIRECT-TAX-COLLECTION.rtf

નાણાંકીય વર્ષ 2023-2024 દરમિયાન દેશમાં સીધા કરવેરાની કુલ વસૂલાત 17 ટકા વધીને સાડા 19 કરોડ રૂપિયા નોંધાઈ છે.

સરકારે 2023-2024ના વર્ષ દરમિયાન પોણા ચાર લાખ કરોડથી વધારે રકમ સીધા કરવેરાના રિફન્ડ તરીકે ચૂકવી છે.